# Greenlawns High School

Gujarati Language II Worksheet Marks: 80

For the Terminal Examination Year 2025-26

STD 5- B Date:-

વિભાગ – અ

પ્રશ્ન 1-)નીચે આપેલા વિષયમાંથી કોઈ પણ એક વિષય પર નિબંધ લખો.

1) મારી માં 2) મેળો 3) પ્રાણી બાગની મુલાકાત (8 Marks)

પ્રશ્ન-2) નીચે આપેલા મુદ્દાને આધારે તમારા શબ્દોમાં વાર્તા તૈયાર કરો. (6 Marks)

એક ગામ – બે મિત્રો –એક શરીરે મજબૂત, બીજો સુકલકડી(પાતળો) – જંગલમાં ફરવા જવું – ખૂબ ફર્યા – પાછા ફરતા રસ્તામાં રીંછ નો સામનો – પાછળ પડવું –એક મિત્ર ઝાડ પર ચડી જવું – એક મિત્ર ની મૂઝવણ - નીચે જમીન પર સૂઈ જવું – સ્વાસ રોક્યો – રીંછનું પાસે આવી સુંઘી ચાલ્યા જવું – રીંછ ગયા મિત્ર નું પછી ઝાડ પરથી ઊતરવું – પૂછવું . બોધ. વાર્તા ને યોગ્ય શીર્ષક આપો.

(6Marks)

પ્રશ્ન ૩. ગધ્યખંડ વાંચી સવાલ ના જવાબ લખો.

ગુજરાતના નાનકડા આમરોલ ગામની આ ઘટના છે. ૧૩ જૂન ૧૯૮૦ની સાંજે છ વાગે ત્રીસેક જેટલા લોકો નૌકામાં બેસીને ખંભાત ગામે જતા હતા, આ પ્રવાસીઓમાં રમેશભાઈ માછી નામનો છોકરો પણ હતો. અચાનક જોરથી પાણીનું મોટું મોજું આવવાથી નૌકા ઊંધી વળી ગઈ,ચારે તરફ હાહાકાર મચી ગયો.

રમેશભાઈને તરતા આવડતું હતું, તરતા તરતા તેણે જોયું કે કિનારા પર એક હલેસા વગરની નાવ પડી હતી. તેને વિચાર્યું કે જો નાવને મદદમાં લાવી શકાય તો ડૂબતા લોકોને બચાવી શકાશે. એક ક્ષણનો વિચાર કરીને તેને ઊંધી વળી ગયેલી નાવનું હલેસું કાઢી લીધું ને લોકોને બચાવવા દોડી ગયો. પણ નાની હોડીમાં વધુ લોકોને બેસાડવાથી તે હોડી પણ ઊંધી વળી જવાથી લોકોને બચાવવાનું એકમાત્ર સાધન પણ ગુમાવવું પડે તેવી સ્થિતિ હતી. છતાં તેને તે સમયે પોતાન જીવની પરવા કર્યા વગર એક પછી એક આમ સત્તાવીસ(૨૭) લોકોનો જીવ બચાવ્યો. તેના નીડર, ચતુર, સાહસ અને સમજદારીભર્યા કામ બદલ તે સમયના ગુજરાતના મુખ્યપ્રધાને તેને શાબાશી આપીને રૂ.૫૦૦/-નું ઇનામ પણ આપ્યું.

ગધ્યખંડ વાચી પ્રશ્નોના જવાબ લખો.

૧. ખંભાત જનારા લોકો કયા ગામના હતા?

૨. ખંભાત જનારી નૌકા શા કારણે ઊંધી વળી ગઈ? તેમાં બેઠેલા છોકરાનું નામ શું હતું?

3. તરતા તરતા તે છોકરાએ શું જોયું? તેણે શો વિચાર કર્યો?

૪. છોકરામાં રહેલા ગુણો જણાવો?

૫. છોકરાએ કેટલા લોકોને બચાવ્યા? તેનું શું પરિણામ આવ્યું?

પ્રશ્ન 4- નીચે આપેલા પ્રશ્નો ના ઉત્તર સૂચના પ્રમાણે લખો

પ્રશ્ન4 -A )રૂઢિપ્રયોગ નો અર્થ લખી વાક્યો બનાવો (6Marks)

1) દાનત બગડવી (2) જાણી જોઈને મૂકવું (3) મીટ માંડીને જોવું

પ્રશ્ન 4-B )નીચે આપેલા વાક્યોમાં સંજ્ઞા(નામ) ઓળખી લીટી દોરો

1) તે અમદાવાદ જાય છે.

2)તુલસીનો છોડ કૂંડામાં રોપ્યો (3Marks)

3) નમ્રતા હોશિયાર છોકરી છે.

4) મારો બગીચો સરસ દેખાય છે.

5) સલિલ ત્રણ ક્યારીઓ મમ્મીને બતાવતી

6) કુંભાર વાસણ બનાવે છે.

પ્રશ્ન 4-C) નીચે આપેલા શબ્દોના વિરોધી લખો

1) હાજર (2) નભ 3) અજવાળું (3Marks)

પ્રશ્ન 4-D )નીચે આપેલા શબ્દના અર્થ લખો.

1) લોખંડ 2) રાતી 3) દાગીના (3Marks)

પ્રશ્ન 4-E) નીચે આપેલા શબ્દોની લિંગ(જાતિ) બદલો

1) સિંહ 2) હાથી 3) વાંદરો (3Marks)

પ્રશ્ન4-F)નીચે શબ્દ સમૂહ માટે એક શબ્દ લખો.

1) લખતાં વાચતા આવડતું ન હોય તેવા લોકો (2)Marks)

2)પોતાના ઉપર જ આધાર રાખનાર.

# વિભાગ – બ

**પ્રશ્ન1) નીચે આપેલી કાવ્ય પંક્તિ પૂર્ણ કરો (compleate the following poem)** **(4Marks)**

લાલ ચાંચ ને લંબપૂછાળા,------------------------------;

કૂદે, હીચકા ખાય.

**પ્રશ્ન2) નીચે આપેલા શબ્દો પરથી વાક્યો બનાવો (Make a sentence from the given word)** **(3Marks)**

1) સપૂત  2) વિનય  3) બેચેન

**પ્રશ્ન3) નીચે આપેલા શબ્દોની ભૂલ સુધારી ફરી લખો (Rewrite the words correctly)** **(3Marks)**

1) આકરસક  2) શલોક  3)સૂઘડ

**પ્રશ્ન4) નીચેનાં વાક્યો કોણ બોલે છે ? કોને કહે છે? ક્યારે?(Who Said To Whom When?)** **(3Marks)**

1) હવે મોંઘવારીમાં આપણને ખાવાનાં પણ સાં સાં પડે છે.

2) હસીને કહેવા લાગ્યા,તને ખબર નથી, એની પાસે તો ઘણી ભલામણો હતી.

3) આ લોક નો અર્થ કહેતે સાચો વિદ્વાન. આપના દરબારમાં છે કોઈ વિદ્વાન?

**પ્રશ્ન-5) નીચે આપેલા પ્રશ્નોના એક શબ્દો માં જવાબ લખો?** **(6Marks)**

1)સરદાર પટેલે ભારતને કેવો રાખ્યો?

2) સગુણાબહેને પતિને શું કહ્યું?

3) કેરૂલને પ્રાણીબાગમાં શું જોવાની મજા પડી?

4) સરદાર પટેલના પિતાનું નામ શું હતું?

5) રાજાએ લોકનો જવાબ ક્યારે આપવા કહ્યું?

6) સરદાર પટેલ કયા અલંકારથી શોભતા હતા?

**પ્રશ્ન6) નીચે આપેલા પ્રશ્નોના એક વાક્યોમાં જવાબ આપો?** **(5Marks)**

1) શેઠે છાપામાં જાહેરખબર શા માટે આપી હતી ?

2) સોમાભાઇ લોક કેવીરીતે ભૂલી ગયા ?

3) રાજા સાથી ખૂબ ખુશ થયા?

4) સરદાર વલ્લભભાઈ પટેલને સરદારનો ઇલ્કાબ કેવી રીતે મળ્યો?

5) રાજાને કોણે લોક સંભળાવ્યો? ક્યાં?

પ્રશ્ન7) નીચે આપેલા પ્રશ્નોના 2 કે 3 વાક્યો માં જવાબ આપો? (6Marks)

1) ઉમેદવારમાં રહેલા ગુણોનું નિરીક્ષણ શેઠે કઈ રીતે કર્યું ? કોઈ પણ બે બાબત લખો ?

2) સરદાર પટેલના જીવનના કોઈપણ બે પ્રસંગ લખો?

3) ચોરો ચોરી કર્યા વગર કેમ જતાં રહ્યા ?

4) શેઠ શા માટે ભલામણપત્ર વગરના ઉમેદવારને નોકરી પર રાખે છે? (2Marks)

પ્રશ્ન8) કારણ લખો? (5Marks)

1)કેરૂલ શામાટે અકળામણ અનુભવે છે?

2)સોમાભાઈને નવો શ્લોક શા માટે બનાવવો પડ્યો?નવા શ્લોક ની રચના કેવી રીતે થઈ?

પ્રશ્ન9) પ્રણિબાગ વિષે 3 વાક્યો લખો ? (3Marks)